ગાંધીનગર સમાચાર

કોરન્ટાઈન

આજકાલ સૌથી ભયાનક શબ્દ કયો એમ કોઈ પૂછે તો હું કહું, 'કોરન્ટાઈન'. હા, કોરોના નહિ કોરન્ટાઈન!

જો તમે છાપું વાંચવાનો, ન્યુઝ જોવાનો એવો ડાહ્યા માણસો જેવો શોખ રાખતા હો તો આ શબ્દ તમને અજાણ્યો

નહિ જ લાગે. ત્યાં તમને એક ખબર વારંવાર જોવા મળશે, ''મુંબઈ કોરન્ટાઈનમાંથી ભાગેલા વધુ આઠ મુસાફર ટ્રેનમાંથી ઝડપાયા!'

લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

કોરન્ટાઈન કરવું એટલે જેને કોઈ ચેપી રોગ થયો હોય, જે રોગનો ચેપ બીજાને પણ લાગી શકે એવી શક્યતા હોય એવા માણસોને થોડાક દિવસો બીજાથી અલગ અને ડોકટરની દેખરેખ હેઠળ રાખવા. હવે તમે જ કહો આમાં એવું તે શું છે કે લોકો આટલા ગભરાઈને ભાગી જાય છે?

તમે ક્યાંક વિદેશ ફરવા ગયા છો અને ત્યાંથી ભારતમાં પાછા ફરો ત્યારે એરપોર્ટ પર જ તમને રોકવામાં આવે છે

અને થોડા દિવસ કોરન્ટાઈન કરાય છે તો તમારે સરકારને સહકાર આપવો જોઈએ કે ભાગી જવું જોઈએ? તમને કોરોનાનું ઈન્ફેક્શન લાગેલું હોય કે ના હોય તમને જ્યાં સુધી ડૉકટર ક્લીન ચીટ ના આપે તમારે કોરન્ટાઈનમાં રહેવું જ પડે.

આપણી પબ્લિકને સમજવું કાઠું છે હૉ બૉસ! તમારામાંથી કોઈ એવું ખરું જે એમ વિચારે કે, મને ચેપ લાગે તો હું બીજા બધાને ચેપ લગાડીશ! પેલો મને બહુ હેરાન કરે છે, સૌથી પહેલા એના જ ઘરે જઈશ. એને હાથ મિલાવી, ગળે લગાડીશ અને મારો ચેપ એને ભેંટમાં આપીને આવીશ. પેલી વ્યક્તિ મને હંમેશા આડી આવે છે, હે ભગવાન મને કોરોના થાય અને હું એને લે લેતો જા કહીને મારો રોગ બોનસમાં આપી આવું!

હું મજાક કરી રહી છું પણ તમે સિરિયસલી વિચારજો. જે સમાજમાં તમારા એક બે દુશ્મનો રહે છે એ જ સમાજમાં તમારો પરિવાર, તમારા મિત્રો પણ રહે છે જેને તમે ખોવા નથી માંગતા.

કોરન્ટાઈન શબ્દ ભલે ડરામણો હોય એ વ્યવસ્થા એટલી ડરામણી નથી. એ આપણા સૌની સુરક્ષા માટે છે એ સમજો અને એને અનુસરો.

કોરોના તમે વિચાર્યું પણ નહીં હોય એનાથી અનેક ઘણી વધારે ઝડપથી ફેલાઈ શકે છે. આખી દુનિયા જેનાથી ફફડી રહી છે એ રોગ સામાન્ય તો નહિ જ હોય.

ટુંકમાં સરકારે નેટ બંધ નથી કર્યું. કોરન્ટાઈનમાં રહી સોશ્યલ મીડિયામાં ફરી શકો! આવી સરસ છૂટ બીજા કયા રોગમાં મળવાની?

ખાનગી તબીબો પણ કોરોના સંબંધિત

આરોગ્ય સેવાઓમાં પોતાનું યોગદાન આપે : ડૉ. જયંતિ રવિ

ગાંધીનગર,તા. ૨૪

આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ડૉ. જયંતિ રવિએ રાજ્યના ખાનગી તબીબોને કોરોના સંબંધિત આરોગ્ય સેવાઓમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. કોરોના સંબંધિત તબીબી સેવાઓ આપવા ઈચ્છુક ખાનગી તબીબો પોતાના જિલ્લાના કલેક્ટરનો સંપર્ક કરી સેવા આપી શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલ, દવાખાના, કોર્પોરેટ હોસ્પિટલ, ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ, ખાનગી મેડીકલ પ્રેક્ટિસ કરતા તમામ મેડીકલ પ્રેક્ટિશનર્સ, હોમિયોપેથિક, આયુર્વેદિક દવાખાના-હોસ્પિટલ તેમજ ખાનગી લેબોરેટરીમાં કોરોનાના લક્ષણો ધરાવતા શંકાસ્પદ દર્દી જણાય તો જે-તે તબીબે જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં જે-તે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અથવા તેઓના દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ કે કચેરીને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસ રોગની અટકાયત અંગે કરવામાં આવતી કામગીરીના સુચારૂ અમલીકરણ હેતુ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યકક્ષાએ ઉચ્ચ અધિકારીઓની વિવિધ ટીમ બનાવવામાં આવી છે. ઉપરાંત ઝોનલ કક્ષાએ સિનિયર આઈ.એ.એસ અધિકારીઓને નોડલ અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે જેમાં અમદાવાદ અને ગાંધીનગર માટે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, વડોદરા માટે શિક્ષણવિભાગના સચિવશ્રી વિનોદ રાવ, સુરત માટે મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનના કમિશનરશ્રી એમ.એસ.પટેલ અને રાજકોટ-

ભાવનગર માટે ઉદ્યોગ કમિશનરશ્રી ડૉ. રાહુલ ગુપ્તાની નિમણૂક કરવામાં આવી છે તેમ આરોગ્ય વિભાગના અગ્રસચિવશ્રી ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું.

કોબા ગામે સરપંચ દ્વારા ગ્રામજનોને માસ્કનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં ફેલાયેલા કોરોના વાયરસને ધ્યાનમાં રાખી કોબા ગામે કોરોના વાયરસ ન ફેલાય તે માટે સાવચેતીના પગલાંરૂપે જિલ્લા વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ કોબા સખી મંડળ તથા ખોરજ સખી મંડળની મહિલાઓ દ્વારા માસ્ક કોબા ગ્રામ પંચાયતે તૈયાર કરી સરપંચ યોગેશભાઈ નાયી દ્વારા તથા ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા અલગ-અલગ ફળિયામાં ઘરે ઘરે જઈ જનસંખ્યા પ્રમાણે નિઃશુલ્ક માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

હેલ્પલાઈન નંબર ૧૦૪ ઉપર ૨૪૨૪ લોકોએ કોરોના સંબંધિત મેળવી જાણકારી

ગાંધીનગર,તા. ૨૪

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની સારવાર અને આરોગ્ય સંબંધિત મદદ મેળવવા માટે જ હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવી છે.

આ હેલ્પલાઈન નંબર પર તારીખ ૨૩-૦૩-૨૦૨૦ ના રોજ કુલ કોરોનાની સારવાર સંબંધિત ૨૪૨૪ કોલ આવ્યા હતા જે તમામ કોલને



ક્લોઝર લેવલ સુધી આરોગ્ય વિભાગ દ્વારા લઈ જવામાં આવ્યા છે. આ હેલ્પલાઈન નંબર પર ફોન કરનાર લોકોને યોગ્ય માહિતી અને સમસ્યાનું સમાધાન મળેલ છે કે નહિ તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ૨૦૪ લોકોને ફોન કરીને પૂછવામાં આવ્યું હતું જેમાંથી ૧૩૮ લોકોએ ફોન ઉપાડ્યા હતા. હેલ્પલાઈન તરફથી આપવામાં આવેલી માહિતિ અને સેવાઓ અંગે ૧૧૨ લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હોવાનું આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું.

માણસા તાલુકામાં સેનેટાઈઝર અને માસ્કની કૃત્તિમ અછત તથા કાળાબજારી?

માણસા, તા. ૨૪

તાજેતરની કોરોના (COVID 19) ની અતિ ગંભીર અને અતિ સંવેદનશીલ સ્થિતિમાં સરકારશ્રીએ દરેક નાગરિકને માસ્ક અને સેનેટાઈઝાર નો ફરજિયાતપણે ઉપયોગ કરવા ફરજ પાડેલ છે. સરકારશ્રીએ સરકારી દવાખાના કે સીવીલ હોસ્પિટલમાં વિનામૂલ્યે સગવડ તો પૂરી પાડી જ નથી પરંતુ માણસા નગરમાં લગભગ તમામ મેડીકલ સ્ટોર્સમાં પણ સદર સેવાઓ પૈસા ખર્ચવા છતાં પણ ઉપલબ્ધ નથી. જ્યાં ઉપલબ્ધ છે ત્યાં પણ તેના ખુલ્લેઆમ કાળાબજાર થઈ રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં લાચાર જનતા શું કરી શકે છે...?! સરકારી તંત્રમાં કોઈ સાંભળનાર નથી. સરકારી કચેરીઓમાં ફરિયાદ સાંભળનાર જ નથી કોઈ...! તાલુકા આરોગ્ય કચેરીએ જ ખંભાતી તાળાં વાગેલાં છે ત્યાં રજૂઆત કોને કરવી. ગાંધીનગર સ્થિત ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચવું પણ કેવી રીતે...? ડિઝીટલ ઈન્ડિયાની ગુલબાંગો પોકારનાર અધિકારીઓને ઈ-મેઈલ વાંચવા સુદ્ધાંનો સમય નથી. સરકારી તંત્રની ઢીલી નીતિ અને બેદરકારી-બેજવાબદારી ક્યાંક કપરી પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે અને અનેક બેબસ નાગરિકો સરકારની આવશ્યક સુવિધાઓના અભાવ-ઊણપ-ખામી-ક્ષતિ ને કારણે પોતાના જીવથી હાથ ધોઈ બેસશે. એક જાગૃત-જવાબદાર સમાજસેવી હોવાના નાતે આ અંગે મેં તાલુકા આરોગ્ય અધિકારી - માણસા, જિલ્લા આરોગ્ય અધિકારી - ગાંધીનગર, ઉપમુખ્યમંત્રી - ગુજરાત રાજ્ય અને મુખ્યમંત્રી - ગુજરાત રાજ્યને લેખિત ફરિયાદ પણ આપી છે તેમજ ઉપલબ્ધ મોબાઈલ પર પણ ફરિયાદ મોકલી આપી છે. વધુમાં સરકારના લાગુ પડતાં વિવિધ વિભાગોના આ ઈ-મેઈલ પર પણ ફરિયાદ રજૂ કરી છે, પરંતુ કોઈ જ પ્રત્યુત્તર-જવાબ-નિર્ણય-પગલાં મળેલ નથી.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર દ્વારા નિઃસ્વાર્થ સેવા યજ્ઞ

ગાંધીનગર, તા. ૨૪

વિશ્વભરમાં હાહાકાર મચાવી રહેલા ખોફનાક, પ્રાણઘાતક કોરોના વાયરસે ભારતમાં પણ પગપેસારો કરી ચૂક્યો છે. ત્યારે તેની અગમચેતીના પગલારૂપે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના નેજા હેઠળ ઉચ્ચ કોટીનો હજારો કિલો અજમો અને હજારો કિલો કર્ફૂ મિશ્રિત લાખોની સંખ્યામાં માસ્ક અને નાના બાળકો માટે નાની નાની ગળામાં પહેરી શકાય તેવી પોટલી બનાવવામાં આવી છે. લાખ્ખોની સંખ્યામાં માસ્ક અને નાની નાની ગળામાં પહેરી શકાય તેવી

પોટલીઓ વિતરણ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં પૂજનીય સંતો દ્વારા નિઃશુલ્ક સેવા યજ્ઞ ચાલી રહ્યો છે. આ માનવતાવાદી કાર્યમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સાથે શ્રીજી મધ તથા જી એમ હોઝીયરીવાળા લિયાકતભાઈ એ ઉદાર દિલથી સહયોગ આપ્યો છે.

ભારતમાં ઘાતક કોરોના વાયરસના કેસો ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. જેના કારણે કોરોના વાયરસના કુલ પોઝીટીવ કેસોની સંખ્યા વધીને ૨૭૫એ પહોંચી ચૂકી

છે અને ૫ લોકોના મોત થયા છે. કેન્દ્ર સરકારે કોરોના વાયરસને ફેલાતા રોકવા માટે સતત કાર્યશીલ છે જેના પગલે પીએમ મોદીએ પણ રવિવારે જનતા કરફ્યુની અપીલ કરી હતી. વિશ્વસ્તરે કોરોના વાયરસ ૧૬,૬૫૫થી વધારે લોકોનો ભોગ લઈ ચૂક્યો છે અને પ્રતિ દિવસ આ આંકડો સતત વધી રહ્યો છે. તાજેતરની માહિતી મુજબ દુનિયામાં ૨,૭૭,૧૩૦થી વધારે લોકો ઝ્ર્ફેંદ્ર-૧૯થી ઈન્ફેક્ટેડ છે. ચીન, ઈટાલી, સ્પેનમાં સૌથી વધારે કેસો સામે આવ્યા છે. ચીનમાં કોરોનાના ૮૧,૨૦૦ કન્ફર્મ કેસ છે જ્યારે ઈટાલીમાં ૪૭,૦૨૧ કેસો છે તથા ૬૦૦૦થી વધારે લોકો માર્યા ગયા છે. ઈરાનમાં પણ કોરોનાના ૧૯,૬૪૪થી વધારે કેસો સામે આવ્યા છે. સ્પેનમાં ૨૧,૫૭૧ કન્ફર્મ કેસો થયા છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા અને કોરોના વાઈરસ

ગુજરાતીમાં કહેવતોનો ખજાનો પડેલો છે. એક કહેવતમાં કહ્યું છે કે, પારકે ભાણે મોટો લાડુ. આ કહેવત એટલા માટે યાદ આવી કે, સામાન્ય રીતે માણસને પોતાનું ઓછું ગમતું હોય છે, અને સદૈવ અન્યની ચીજવસ્તુઓ સાથે તે પોતાની ચીજવસ્તુઓની સરખામણી કરતો હોય છે. પરંતુ 'ગીતાજી' સ્પષ્ટ કહે છે કે, પોતાનું જે પણ છે તે શ્રેષ્ઠ માનો. અને તેમાં કશું ખોટું પણ નથી. હા, પોતાનું શ્રેષ્ઠ માનવાનો અર્થ અભિમાન કે મિથ્યાભિમાન નથી, એ પણ સ્પષ્ટ છે.

હવે, 'શિવામ્બુ' નામે જાણીતા સ્વ-મૂત્રનું નામ લગભગ બધાએ સાંભળ્યું હશે. સાધારણ રીતે તો તેનું નામ પડતાં જ લોકો નાકનું ટેરવું ચડાવી દે ! લોકોને આવી બાબતોનું ચર્ચા જુગુપ્સાપ્રેરક લાગે છે, અને તે સ્વાભાવિક પણ છે. પરંતુ ગીતાજીએ સમજીને તો લાગે કે, પોતાનું ઉત્તમ ગણવું અને પોતાનું કદી ખરાબ ન કહેવું. સ્વાભાવિપમે કોઈને શિવામ્બુની દુર્ગંધ ગમતી નથી, બધા એનાથી દૂર ભાગે છે. લોકો પોતાનું આંગણું સ્વચ્છ રાખે છે, ગંદકી કોઈને ગમતી નથી. રહેઠાણ અને નિવાસસ્થાન સ્વચ્છ રાખવાનું સૌનું વલણ હોય છે. એમાંય પેશાબની દુર્ગંધ તો કોઈનાંથી સ્વપ્નમાંય સહન ન થાય એ કક્ષાની હોય છે. પરંતુ શાસ્ત્રો કહે છે કે, માણસ માટે પોતાનું શિવામ્બુ અમૃત સમાન છે !

આ વાત વર્તમાન કોરોના વાઈરસના સંદર્ભે યાદ એટલા માટે આવી કે, અત્યાર સુધી લોકો સ્વચ્છતા માટે પૂરતો પ્રયાસ નહોતા કરતા, પણ હવે કુદરતે જ વ્યવસ્થા કરી દીધી કે, દરેકે પોતાના હાથ-પગ સ્વચ્છ રાખવા. હવે તો સરકારે પણ કહી દીધું કે, સાબુ વડે હાથ ધુઓ !

પણ આમાં શ્રીમદ્ ભાગવત્ ક્યાં આવી !

જી હા. હું એ વિષય પર જ આવું છું.

ગીતાજીમાં એક સુંદર શ્લોક છે. (બીજા પણ અનેક સુંદર જ છે) :

સ્વધર્મે નિધનં શ્રેય,
પરધર્મો ભયાવહ્ ॥

એટલે કે, પોતાના ધર્મમાં મરવું પણ શ્રેષ્ઠ છે, જયારે બીજાના ધર્મ ભયાવહ છે.

એક જમાનો હતો કે, લોકો પરદેશ જવાનો વિચાર પણ નહોતા કરતા. પરદેશગમન પાપ ગણાતું. લોકો સ્વચ્છ હવાપાણીનો આગ્રહ રાખતા, પણ પછી વિદેશી વાયરા વાયા એટલે લોકો સ્વૈચ્છાચારમાં પડ્યા અને પરદેશ તો ગયા જ પણ ત્યાંની રહેણી-કરણી અને ખાનપાન પણ અહીં લાવ્યા ! અહીં જયાં લીમડાનો મીઠો છાંયડો લહેરાતો હતો ત્યાં એ.સી. આવી ગયા!

આનો અર્થ એવોય નથી કે, નવીનતાને આવકારવી નહીં. હા, જરૂર નવીનતાને આવકારવી, પણ પોતાની સંસ્કૃતિના ભોગે નહીં.

હવે, હજી પણ ઘણા લોકો જાહેરમાં નાક-કાન વગેરે સાફ કરવાનું વલણ રાખે છે. કેટલાક લોકો તો બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશનોને પોતાના નાક સાફ કરવા માટે જાહેર સ્થળો જ માને છે! બાજુમાં બેઠેલા માણસના નાકમાં સીધેસીધું પ્રવેશે છે, એને નુકશાન કરે છે તે બાબતની એને ચિંતા નથી. લોકો જાહેરમાં ગમે ત્યાં થૂંકે છે ! ઘણી વાર તો પગ ક્યાં મૂકવો એ પણ વિચાર કરવો પડે, એવી સ્થિતિ હોય છે. સરકારના સારા પ્રયત્નોથી શહેરો તથા ગ્રામીણ વિસ્તારોમાં પણ શૌચાલયો બનવાં લાગ્યાં, તેથી સ્થિતિ થોડી અંકુશમાં આવી છે, પણ પૂરેપૂરી નિયંત્રણમાં નથી. આપણે પરધર્મને સમજ્યા નહીં, એટલે કોરોના વાઈરસ ફૂલ્યોફાલ્યો! અરે, કોરોના તો આવે કે ન આવે, પણ માણસ જાહેર સ્વચ્છતા ન રાખે તો બીમાર તો પડવાનો જ છે ! અને આ મોંઘવારીમાં બીમારી કોને પરવડે?

ગીતાજી કહે છે તે મુજબ; જો માણસો બીજાનું અનુકરણ ન કર્યું હોત તો કોરોનાની શી તાકાત ! પણ લોકો ખાનપાનમાં અને અન્ય જીવનશૈલીમાં બેફામ બન્યા છે, તે ઉપરાંત લોકોએ જાહેર સ્વચ્છતાને હમણાં સુધી નકારી છે. હવે લોકો રહી રહીને સ્વચ્છતા તરફ જાગૃત બન્યા છે. હજી ઘણા લોકો આ શ્લોકને માત્ર ધર્મ સાથે જોડે છે, અને તેને સંકુચિત બનાવી દે છે. ધર્મ ગમે તે હોય, પણ સ્થળ - કાળ અને સંસ્કૃતિની વિરુદ્ધનું જીવન સદાય દોહ્યલુ બની રહેતું હોય છે, એ વાત ગીતાજી પોકારીને કહે છે, તે સમજવાની જરૂર છે.

આપણે કોરોના મહામારીને કે રોગચાળાને સારો કહેતા નથી, બલકે એનાથી બચવાનો પ્રયાસ જ કરીએ છીએ, પરંતુ એ કદાચ કુદરતી સંકેત પણ હોઈ શકે, એ પણ એક વિચાર છે. ખાનપાન અને જીવનપદ્ધતિની તો આજે દશા બેઠી છે. લોકો બહારનું ખાય છે અને શૌચાલય માટે ઘરમાં આવે છે! વાત ગંદી લાગે પણ હકીકત છે. મને સુતરાઉ કપડાં જ માફક આવે છે, તો મારે બીજાં શા માટે પહેરવાં ? મને શાકાહારમાં તત્ત્વો મળતા હોય તો શા માટે મારે માંસાહાર કરવો? હા, તબીબે જ કહ્યું હોય તો અલગ વાત છે. પણ એવું તો બિલકુલ નથી કે માંસાહારમાં જ પોષક તત્ત્વો છે, અને ગાયના ઘી કે દૂધમાં અથવા વનસ્પતિમાં નથી.

ચીનમાં લોકોનું ખાનપાન કેવું છે તે વિચિત્રતામાં આપણે પડતા નથી, તો પણ એટલું કહી શકાય કે, આપણે જો એ મુજબ જીવીએ તો આપણું પણ પતન નક્કી છે. આપણે ત્યાં યુગોથી તુલસીના છોડની પૂજા થાય છે, સૂર્યનારાયણની પૂજા થાય છે, સવારે વહેલા ઊઠવાનો મહિમા છે. આ તો બધું યુગોથી ચાલ્યું આવે છે, આજે નવું નથી. નવું તો એ છે કે, એને અંધશ્રદ્ધા કહીને એની નિંદા થાય છે! હમણાં એક ભાઈ મને તુલસીના છોડની વાત પૂછતા હતા. એમને તુલસીનો છોડ જોઈએ છે, એમને મને પૃચ્છા કરી.

'તમે તો ભારતીય સંસ્કૃતિના સર્દતર વિરોધી છો અને આ રીતે તુલસી, સૂર્યપૂજા, હોળાષ્ટક અને બીજું ઘણું બધું માનતા નથી, તો અચાનક કેમ તુલસીની જરૂર પડી ?' મેં એમને પૂછ્યું.

એમણે જવાબ આપ્યો કે, 'યાર, તુલસી જ એક એવી વનસ્પતિ છે જે તમામ રોગોને દૂર ભગાડી દે છે.'

એમને તો મેં રસ્તો બતાવી દીધો અને તેઓ તુલસી લઈ પણ આવ્યા, પણ મને યાદ આવ્યું કે તેમને મને બે વર્ષ પહેલાં જ કહેલું કે, 'તુલસી જેવી સાધારણ વનસ્પતિથી રોગ મટી જતા હોય તો લોકો દવાખાને શું કામ જાય, શા માટે તમે આવી અંધશ્રદ્ધા ફેલાવો છો!'

મેં એમને તમામ બાબતોની વૈજ્ઞાનિકતા દર્શાવી, સમજાવી, પણ માનવા તૈયાર નહોતા, છેવટે જયારે કોરોના વાઈરસ આવ્યો ત્યારે મને પૂછવા આવ્યા કે, કયાંકથી સારો તુલસીનો છોડ મેળવી આપોને ! કહેવાનો અર્થ એ કે, હવે લોકો સમજવા માંડ્યા છે, અને આપોઆપ ભારતીય જીવન પદ્ધતિનો આવકાર કરવા લાગ્યા છે. હાથ મિલાવવા કે ભેટવાના બદલે હવે લોક નમસ્કારથી કામ ચલાવે છે, એ જેવી તેવી સ્થિતિ ન કહેવાય !

માણસ માટે પોતાની ગંધ-દુર્ગંધ કશું જ નકામું નથી, પણ બીજાનું સો ટકા નકામું છે. આજે તબીબી વિજ્ઞાનમાં માણસ સર્જરી કરાવે છે ત્યારે ડૉકટરો એ જ દર્દીની ચામડી તેને ચોંટાડી આપે છે! હા, હૃદય અને કીડની વગેરે અન્ય અંગો જયારે નકામાં બની જાય ત્યારે કોઈ દાતાનાં લેવાં પડે, એ સ્વીકારવું રહ્યું. પણ મોટા ભાગે તો કુદરતની વ્યવસ્થા જ એવી છે કે, માણસ પોતાનામાં જ જીવી શકે છે ! ખોરાક ન લેનાર માણસનું શરીર અંદરથી જ ખોરાક લઈ લે છે, ને ટકી રહે છે.

આપણે ઈચ્છીએ કે સમગ્ર વિશ્વ આપણી જીવનપદ્ધતિને સ્વીકારે અને સારું સાત્ત્વિક જીવન જીવે. જીવહિંસા અટકાવે, અથવા ઓછી કરે અને કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ, અન્ય જીવોના અસ્તિત્વનો પણ સ્વીકાર કરે. ભારત જો વિશ્વસત્તા બનવાનું હોય તો એનું એક કારણ ભારતની શ્રેષ્ઠ જીવનપદ્ધતિ પણ છે.

ઈશ્વર સૌને સદબુદ્ધિ આપે.

- કવિ પ્રકાશ જલાલ

ડાયરેક્ટ સે

હારવાના ભય કરતા જીતવાની મહત્ત્વાકાંક્ષા વધારે હશે ને તો સફળતા તમારા હાથમાં હશે...

જન્મદિને વધામણી

પ્રીતિ શર્મા
લાયોનેસ ક્લબ

જ્યોત્સનાબેન દિનેશકુમાર પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

પ્રાચી સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧

માહી ભરતકુમાર સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

પારા લીગલ વોલેયન્ટર્સની નિમણુક માટેની અરજી તા. ૩૧મી માર્ચ સુધી કરી શકાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર દ્વારા આગામી વર્ષ-૨૦૨૦-૨૧ અન્વયે પારા લીગલ વોલેયન્ટર્સની નિમણુંક કરવામાં આવનાર છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ જે લોકો સામાજિક સંસ્થા સાથે સંકળાયેલા હોય તેમજ સામાજિક સેવા કરવા ઈચ્છુક હોય તેઓશ્રીએ જિલ્લા કક્ષા માટે રૂમ નંબર - ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે નિયમત નમૂનાના ફોર્મમાં મેળવી તારીખ ૩૧મી માર્ચ સુધીમાં વિગતવાર ભરી પરત જમા કરાવવાનું રહેશે. તેમજ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગર તાલુકા કક્ષા માટે જે તે તાલુકા કાનૂની સેવા સમિતિ કે જેની ઓફિસ જે તે તાલુકામાં કાર્યરત તાલુકા કોર્ટમાં આવ્યા છે. ત્યાં સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના સચિવ પી.એસ.રાઠોડે જણાવ્યું છે.